R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

(મો)૯૮૨૫૧૬૯૩૮૬
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

If undelivered pl. return to; (સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

આપનું લવાજમ બાકી છે?હા ( ) ( )-ના ( )

કાર્યાલય :૨/૧૦ સોનિયો એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

YEAR-22 • ISSUE: 39 DATE: 28-09-2013• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-



## પર્થ,યુ.કે.માં ખ્રિસ્તી ધર્મ પ્રચાર માટે ધર્મગુરુની ધરપકડ

સડકો પર ધર્મબોધ આપનાર રેવ.જોશ વિલિયમસન,પાસ્ટર,ક્રેઈજ રીફોર્મડ બેપ્ટીસ ચર્ચની પર્થ ખાતેથી સત્તાવાળાઓએ ધરપકડ કરી હતી.તેમનું એવું કહેવું હતું કે પાદરી રસ્તાઓ પર બોધ કરતાં શાંતિનો ભંગ કરી રહ્યા હતા તે કારણોસર તેમની ધરપકડ કરવામાં આવી હતી.આ પાસ્ટર એ ત્રીજા વ્યક્તિ છે જેયુ.કેમાં સ્ટ્રીટ પ્રીચર તરીકે કાર્ય કરતાં પોલીસે તેમની ધરપકડ કરી હતી.ધ ક્રિશ્ચિયન લીગલ સેન્ટર જેમણે આ ધરપકડ બાબતે રીપોર્ટ આપ્યો હતો તેમના જણાવ્યા મુજબ મી. વિલિયમસન નિયમિત રીતે રસ્તાઓ પર જતા હતા અને ખ્રિસ્તી પ્રચારપત્રો બતાવતા હતા તેમજ તેમને એ બાબતે બોધ પણ કરતા હતા.જ્યારે તેઓ એક નાનકડા સમુહને રસ્તા ઉપર ઉપદેશ આપી રહ્યા હતા ત્યારે પોલીસે તેમની ધરપકડ કરી હતી.પોલીસે તેમની ધરપકડ કરતાં જણાવ્યું હતું કે તેઓ કાયદાનો ભંગ કરીને જે કાર્ય કરી રહ્યા છે તે બાબતે તેમની ધરપકડ કરવામા આવી રહી છે.શાંતિના ભંગ માટે તેમને જવાબદાર ઠેરવ્યા હતા.

આ બાબતે પોલીસને ખુલાસો કરવાનું જણાવતા પોલીસ ઓફીસરે જણાવ્યું હતું કે તેઓ એમપીઉ રેકોર્ડર જોરથી વગાડી રહ્યા હતા જે શાંતિનો ભંગ કરી રહ્યું હતું.જ્યારે મી.વિલિયમસને કહ્યું કે તેઓ આવું કોઈપણ સાધન વાપર્યું નથી.આ ઉપરાતં અવાજની માન્ય લેવલ કેટલું હોવું જોઈએ,ત્યારે પોલીસ ઓફીસરે જણાવ્યું હતું કે નોઈઝ લેવલ એ પ્રશ્ન નથી. પરંતુ તેમની સામે ફરિયાદ કરવામાં આવી હતી તેથી તેમની ધરપકડ કરવામાં આવી છે.ક્રિશ્ચિયન લીગલ સેન્ટરે તેમના રીપોર્ટમાં આ બાબતો જણાવી હતી.પોલીસ પછી જણાવ્યું હતું કે તેઓ સ્ટ્રીટ પ્રીચીંગ ચાલુ રાખશે તો ફરીથી તેમની ધરપકડ કરવામાં આવશે.મી. વિલિયમસનની ધરપકડ કરવામાં આવી ત્યારે તેમણે કહ્યું હતું કે હું તેનો જવાબ નહી આપુ, કારણકે મે કોઈ પણ પ્રકારના ગુનો કર્યો નથી કે કાયદાનો ભંગ કર્યો નથી.મી. વિલિયમસન ની ધરપકડ બાદ તેમને પર્થ પોલીસ સ્ટેશન લઈ જવાયા હતા અને ત્યાં તેમને સવાલ જવાબ કરવામાં આવ્યા હતા તેમજ ફરીથી નહી કરવા માટે ચેતવણી આપવામાં આવી હતી.

## રાઇટ ટુ રીજેક્ટનો મતદારોને અધિકાર આપતો સુપ્રીમનો ચુકાદો

સુપ્રીમ કોર્ટ દ્વારા મતદારોને અધિકાર આપતો એક ઐતિહાસિક ચુકાદો આપવામાં આવ્યો છે.આ ચુકાદો દુરોગામી અસરો જન્માવશે.દેશના મતદારોને ચુંટણી લડતા તમામ ઉમેદવારોને નાપસંદ કરવાનો માટે રાઈટ ટુ રિજેક્ટનો અધિકાર બક્ષવામાં આવ્યો છે.આમ મતદારો જો તેમને ચુંટણી લડી રહેલ કોઈપણ ઉમેદવાર ચુંટાવા માટે યોગ્ય ન લાગે તો તે આવા ઉમેદવારને રિજેક્ટ કરી શકશે અને આમાંથી કોઈ નહી નું બટન દબાવીને નેગેટીવ મત આપી શકશે.સુપ્રીમ કોર્ટે ચુંટણી પંચને આ વ્યવસ્થા ઉમેરવાનો આદેશ આપ્યો છે.

## બંગલાદેશના ગારમેન્ટ વર્કસની ચિંતા કરતાં યુકે ચર્ચીસ


બાંગલાદેશના સવાર ખાતે આવેલ રાના પ્લાઝામાં થયેલ હોનારતમાં ૧૧૦૦ જેટલા ગારમેન્ટ વર્કસના મોત નિપજ્યા હતા.આ પહેલાં ઢાકા ખાતે એક ગારમેન્ટ ફેકટરીમા લાગેલ આગમાં ૧૧૭ જેટલા કારીગરોના મોત નિપજ્યા હતા.

ચર્ચ ગ્રુપમાં મેથોડીસ્ટ ચર્ચ,ચર્ચ ઓફ સ્કોટલેન્ડ,ચર્ચ ઓફ વેલ્સ,ચર્ચ મિશન સોસા. અને કાઉન્સીલ ફોર વર્લ્ડ મિશન છે જેઓ બંગલા દેશના ચર્ચો સાથે આ કારીગરોના માટે કાર્ય કરે છે.અહીયાનું ઉત્પાદન વેસ્ટર્ન સ્ટોરોમાં વેચાણ અર્થે જાય છે.તેઓ આ કારીગરો સલામત રીતે કાર્ય કરે તે માટે,તેમને તેમના કાર્ય માટે પુરતું વેતન મળે માટે,પણ દેખરેખ રાખે છે.



આ બાબતે લંડન ખાતે એક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.જે મેથોડીસ્ટ હોલ, વેસ્ટમીનીસ્ટર ખાતે મળી હતી.આ પ્રસંગે સ્ટીવ પીયર્સ,પાર્ટનરશીપ કો.ઓર્ડીનેટર ફોર એશીયા એન્ડ પેસીફીકે જણાવ્યું હતું કે આ બનેલ ઘટના ઘણીજ દુઃખદાયી છે.પરંતુ તેના કારણે આ બાબતે કેટલાંક જરુરી પગલાં લેવાનું અને બાંગલા દેશી કારીગરોના હિતમાં કાર્ય કરવા માટે અમોને માર્ગદર્શન મળ્યું છે. બિશપ સરકારે જણાવ્યું હતું કે આયાતકારો અને વેપારીઓ બાંગલાદેશ સાથેનો વેપાર બંધના કરે.બાંગલા દેશ માટે રેડીમેઈડ ગારમેન્ટ સૌથી વધુ હુંડિયામણ કમાવી આપતો વેપાર છે.તેમજ આ દેશના મોટા ભાગના ગરીબ કારીગરો આ ધંધામાં જોતરાયેલા છે.અમારે એ પણ યાદ રાખવું જોઈએ કે આ ધંધાના માલિકો ખુબજ પૈસાદાર ,શસક્ત,છે.બંગલાદેશી વેપારીઓ કેટલાંક સિધ્ધાંન્તો પાળેલા છે.તેઓ માત્રને માત્ર સહેલાઈથી નફો મેળવવા માંગે છે. ચર્ચો ભેગા મળીને ઘણું બધું કરી શકે છે.આરોગ્ય,સલામતી ,તેમજ કારીગરોનું જીવન ધોરણ સારુ બની શકે તે માટે પણ અગત્યતા છે.તે માટે ચર્ચો કાર્ય કરી શકે છે.

## શું સીરીયા સાથે યુધ્ધ એ દુનિયાનો અંત લાવશે ?




બાયબલમાં યશાયાના પુસ્તકના ૧૭માં અધ્યાય અને તેની પ્રથમ કલમમાં એવું લખવામાં આવ્યું છે કે :

" દમસ્ક વિષે દેવવાણી. જુઓ દમસ્ક નગર નહી કહેવાય એવું થઈ જશે. તે ખંડિયેરનો ઢગલો થશે."અમેરીકાએ સીરીયા પર રસાયણીક શસ્ત્રો જનતા પર વાપરવાના મુદ્દે સીરીયા પર લશ્કરી પગલાં લેવાનો નિર્ણય કર્યો ત્યારે લગભગ જેઓ બાયબલના વચનો પર વિશ્વાસ કરે છે તેમને એવું લાગવા લાગ્યુ કે ઈશ્વરના વચનો પુરા થવામાં હવે વાર નથી.જેથી પ્રભુ ઈસુનું પુનરાગમન નજીકમાં આવી રહ્યું છે તે માન્યતા પ્રબળ થવા લાગી.જો કે હજુ પણ વિશ્વના બહુમત લોકો ઈચ્છે છે કે લશ્કરી પગલાં એ તો અંતિમ ઉપાય છે.રાજદ્વારી ઉકેલની દિશામાં કાર્ય કરવું જોઈએ.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવ ક્રાંતિ

સંસદમાં કોગ્રેસ દ્વારા સુપ્રીમ કોર્ટે આપેલ એક અભુતપુર્વ ચુકાદામાં જે બાબતો કહી હતી તેનાથી વિરુધ્ધ એક ખરડો પસાર કરાવવા માટે પ્રયત્ન થયો.ત્યારબાદ તે નો વિરોધ થતાં તે પડતો મુકીને સંસદનું સત્ર પુરુ થયા બાદ તે બાબતે વટહુકમ લાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો,જેનો વિરોધ કરવામાં આવ્યો.

ખરેખર જો રાજકારણમાં વ્યાપેલ ગંદકીનું નિવારણ કરવું જ હોય તો સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ ચુકાદાને ખેલદીલીથી વધાવી લેવો જોઈએ.આ ચુકાદાથી દરેક પક્ષોને એક સરખું નુકશાન થવાનું છે. કારણે કોઈપણ પક્ષ એવો નથી કે જેના ચુંટાયેલા સભ્યોમાંના કેટલાક દાગી છે.આવા લોકોને દુર કરવા માટે સુપ્રીમ કોર્ટએ એક સુંદર આયોજન કર્યુ જેથી કોઈ પણ પક્ષ આવા લોકોને કોર્ટના ચુકાદાઓ બતાવીને તેમના દબાણમાંથી મુક્ત બની શકે. તેમજ લોકશાહીમાં એક તંદુરસ્ત પ્રણાલી ઉભી થઈ શકે તે માટે સુપ્રીમ કોર્ટે એક સરસ પગથિયું તમામ પક્ષોને માટે બનાવ્યું.જે પક્ષોના સૌથી વધુ દાગી સભ્યો છે એજ આ વટહુકમ બહારના પડે માટે જાહેરમાં વિરોધ કરી રહ્યા છે. અંદરખાને તેઓ કોગ્રેસને આ કાર્ય કરવાની સમજુતી કરી હોય તેવું મનાય છે.જેથી કોગ્રેસ તેમના ચુંટણી માટે તૈયાર કરાયેલ કેટલાંક આયોજનનો વિના વિધ્ને સંસદમાં પસાર કરી શકે.પરંતુ હવે તેઓ વિરોધપક્ષોની ચાલમાં ફસાઈ ગયા છે. ત્યારે રાહુલ ગાંધી દ્વારા આ ચાલમાંથી બહાર નિકળવાનો રસ્તો આરંભાયો છે.

## સમાચારો સંક્ષિપ્તમાં

### ઇસ્કોન મંદિર દ્વારા જન્માષ્ટમીની ઉજવણી

ઈસ્કોન મંદિર ખાતે જન્માષ્ટમીનો તહેવાર ભારે હર્ષોલ્લાસથી ઉજવાયો હતો.આ પ્રસંગે મંદિરમાં એક પ્રદર્શન પણ યોજાયું હતું.આજના દિવસે ભક્તજનો માટે ફરાળી પ્રસાદની વ્યવસ્થા મંદિર તરફથી ગોઠવવામાં આવી હતી.એવું લાગ્યું હતું કે ભક્તિનું ઘોડાપુર આવ્યું હોય.

### ટી.ટી.એફનો આ વર્ષનો સૌથી મોટો ટ્રાવેલ્સ ફેર

ગુજરાત યુની.કન્વેન્શન સેન્ટર ખાતે ટી.ટી.એફ દ્વારા આ વર્ષનો સૌથી મોટો ટ્રાવેલ્સ ફેર ખુલ્લો મુકવામાં આવ્યો હતો.જેમાં મધ્ય પ્રદેશ,હિમાચલ પ્રદેશ,કેરાલા, હરિયાણા,પંજાબ,દિલ્હી, સહિતના રાજ્યોની ખ્યાતનામ મોટી કંપનીઓની હોટલ, રિસોર્ટ તેમજ ટ્રાવેલ્સ કંપનીઓ દ્વારા સ્ટોલ મુકવામાં આવ્યા હતા.જેના દ્વારા જોવાલાયક સ્થળો અને કેવી વ્યવસ્થા મળી શકે તેની માહિતી આપવામાં આવી હતી.


પંજાબ સરકાર દ્વારા વધુ પ્રવાસીઓ મેળવી શકાય માટે અલગથી તે માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી.પંજાબની અલગ છાપ ઉભી કરવા માટે પ્રયાસ કરાયો હતો.

પેગ્વીન ખારા પાણીને પીવાલાયક બનાવી શકે છે.
કાંગારૂ ઊંધા પગે ચાલી શકતુ નથી.
એવોકાડો(જમરુખના પ્રકારનું ફળ)માં સૌથી વધુ પ્રોટીન હોય છે.
કાકાકૌવા નામનું પક્ષી આરામ કરતી વેળાએ ચાંચને પીંછા પર ગોઠવી દે છે.પક્ષીજગતમાં કિંવા પક્ષીમાં ગંધ પારખવાની શક્તિ હોય છે.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.
**અમી સર્જીકલ**
૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧
**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

| અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે. | નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે. |
|---|---|
| શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન,<br>**જીવન સાહિત્ય ભંડાર,**<br>શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮<br>**ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,**<br>શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨<br>શ્રી હેલ્ફર્સ એલેન્દી,<br>વિરચંદદીપચંદની ચાલી,વૈશ્યસભા રાયખડ,અમદાવાદ.૧ | શ્રી ભાઈલાલભાઈ ટેલર,<br>પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨<br>શ્રી વિલિયમભાઈ ટી.પરમાર,<br>નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨<br>શ્રી.એસ.કે અમીન,<br>આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨<br>શ્રી પાઉલભાઈ એ. પરમાર,<br>૧૦૭,દિવ્યજ્યોત સોસા. પવનચક્કી રોડ,નડીયાદ.૨ |

# ૪૨ વર્ષ પહેલાં ચોરેલા બાયબલની ભુલ અંગે પસ્તાવો થતાં પરત કર્યુ



હોલી ટ્રીનીટી ચર્ચ, હેસ્ટીંગ્સ, ઈગ્લેન્ડ ખાતેથી ૨૦૦ વર્ષ પુરાણી બાયબલની એક પ્રતની ચોરી કરવામાં આવી હતી.૪૨ વર્ષ બાદ આ ચોરને તેની ચોરી બદલ પસ્તાવો થતાં તેણે ચર્ચને આ બાયબલ પરત કર્યુ હતું.બાયબલ એક પેકેટમાં પેક કરીને જર્મનીથી ચર્ચના ટ્રેઝરર સીમોન સ્કોટને તાજેતરમાં મોકલવામાં આવ્યું હતું.જેમાં ટાઈપ કરેલ એક નોટ પણ મુકવામાં આવી હતી જેમાં લખવામાં આવ્યું હતું તે પ્રમાણે એક જર્મન વ્યક્તિએ પોતાની નોંધ મુકી હતી.તેમાં જણાવાયું હતું કે ૧૯૭૧માં તેમણે એક મુર્ખતાપુર્ણ હરકત કરી હતી.અને ચોરી કરી હતી.અને હોલી ટ્રીનીટી ચર્ચમાંથી જુના પુરાણા એક બાયબલની એ ચોરી હતી.તેમણે પત્રમાં વધુમાં જણાવ્યું હતું કે તેઓ અને તેમના પત્ની જેઓ જર્મન બોલે છે અને તેમણે લગ્ન કર્યા હતા તે સમયે તેમને ચર્ચ તરફથી ભાષા શીખાડવાનો કોર્સ ચાલતો હતો તેમાં ભાગ લેવાનું નક્કી કર્યુ.તે દ્વારા તેઓ અંગ્રેજી ભાષા સુધારી શકે.તેઓ કલાસની ગુણવત્તાને લીધે દુ:ખી હતા.તેમજ તેમણે જે નાણાં આ માટે આપ્યા હતા તેનો તેમને બદલો મળ્યો નહોતો એવું તેમને લાગતું હતું.તેથી આ યુવાન વ્યક્તિએ ચર્ચમાં પડેલ એક બાયબલ ચોરી જવાનું વિચાર્યુ.તે વખતે તેમનો એવો વિચાર હતો કે તેઓ બાયબલના બધાજ ચેપ્ટરો વાંચશે અને તેનાથી તેમનું અંગ્રેજી તેમને સુધારવાની તક મળશે.પરંતુ તેઓ એવું કબલ્યુ કે તેઓ તેમ કરી શક્યા નહોતા.

બાયબલની ચોરી કર્યા બાદ જ્યારે તેઓ ઘેર પરત ફર્યા ત્યારે તેમને લાગ્યું કે તેઓએ આ બરાબર કર્યુ નથી.તેમજ તેમના પત્નીએ પણ આ કાર્યથી તેમના પર ઘણોજ ગુસ્સો ઠાલવ્યો અને મને આ બાયબલ પરત કરી આવવા માટે સતત માનસિક દબાણ આપ્યું.તેવું આ વ્યક્તિએ તેમની નોંધમાં લખ્યું છે.

આ બાયબલ હંમેશા મને મારી ભુલ બાબતે ઠપકા રુપ હતું.મને એમ થતું હતું કે હું જાતે જઈને આ પાછુ આપી આવું.હવે હું નિવૃત થયો છું જેથી મને મારી ભુલ સુધારવા માટે છેલ્લી તક છે.હું હૃદયના ઉંડાણથી મારી ભુલ કબુલ કરુ છું.મે જે કર્યુ છે.તે ખોટું છે.તેથી આ બાયબલને તેની મુળ જગ્યાએ પાછુ મોકલાવવું એ મારી ફરજ છે.તેવું તેમના પત્રમાં જણાવાયું હતું.

બાયબલ ચામડાથી મઢેલું તેમજ વજનમાં ભારે એવું પવિત્ર પુસ્તક છે.સ્કોટે જણાવ્યું હતું કે તેમણે આ બાયબલ પેકેટમાં મોકલનાર વ્યક્તિના નામ સરનામા ઉપર આભાર વ્યક્ત કરતો પત્ર લખ્યો હતો.તેમા જણાવાયું હતું કે આ અમુલ્ય બાયબલને પરત કરવા બદલ તમારો આભાર માનીએ છીએ.તમારી ભુલ સુધારી લીધી છે તે ખુબજ સારી બાબત છે.

# પોપ ફ્રાન્સીસે આપેલ ઇન્ટરવ્યુમાં સામાજીક દ્રષ્ટિકોણ અપનાવવા પોતાનો અભિપ્રાય પ્રદશિત કર્યો



રેવ એન્ટોનીયો સ્પેડારો, એડીટર,લા સીવીલટા કેટોલીકાને આપેલ એક મુલાકાતમાં જણાવ્યું હતું કે તેઓ એમ માનતા નથી કે ચર્ચે માત્ર ગરમા ગરમ મુદ્દાઓ પર પોતાનું ધ્યાન કેન્દ્રીત કરવું કે તે માટે પોતાના નિવેદનો આપવા.આપણે માત્ર ગર્ભપાત,સજાતીય લગ્નો, કે કુટુંબનિયોજનના સાધનોનો વપરાશ જેવી બાબતો પર આપણું ધ્યાન કેન્દ્રીત કરવાનું નથી.અને આપણા માટે આ બધું શક્ય નથી.તેવું તેમણે મુલાકાત દરમિયાન જણાવ્યું હતું.

મે આ વિષયો બાબતે કંઈક પણ વિશેષ ટીપ્પણી કે અભિપ્રાય આપ્યો નથી.હું કંઈ તે બાબતે ઢોંગ પણ કરતો નથી.પરંતુ જ્યારે આપણે આવા પ્રશ્નો બાબતે કંઈક બોલીએ છીએ ત્યારે આપણે તે વિષયને કંઈક અનુસંધાનમાં તેને કહેવું જોઈએ.તેમણે ચર્ચ બાબતે પણ જણાવ્યું હતું કે ચર્ચને પણ સામાજીક બાબતો સાથે નિસ્બત છે.પોતાની જાતને તેમણે ચર્ચના પુત્ર તરીકે ઓળખાવ્યા હતા.આ બાબતે ચર્ચનું શિક્ષણ એકદમ સ્પષ્ટ હોવું જરુરી છે,કે હું ચર્ચનો દીકરો છું.પરંતુ આ બાબતે હું સતત બોલતો રહુ તે પણ વ્યાજબી નથી.તેમણે એ પણ કહ્યું હતું કે રોમન કેથોલીક ચર્ચ ઓફીશ્યલ ડોકટરીન બુકમાં સજાતીય સબંધોનો વિરોધ કરવામાં આવ્યો છે.પરંતુ તેમણે ચર્ચને ગે અને લેસબીન લોકોને સ્વીકારવા અને તેમને માન આપવા અને તેમની લાગણીઓ સમજવા માટે જણાવ્યું હતું.

### આણંદ ખાતે લવાજમ સ્વીકારશે

૧.શ્રી કિરીટભાઈ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા.
પરીખ ભુવન પાછળ,આણંદ.૧મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૦૨૬૦૮૩
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

## ઇજીપ્તમાં ચાલી રહેલ હિંસાના દોરમાં જેલમાંથી પ્રેસિડેન્ટ મોરસીએ મુકેલા ગુનેગારો સામેલ છે



ઈજીપ્તમાં ચાલી રહેલ હિંસામાં ધાયલ થયેલ એક વ્યક્તિને લોકો સારવાન માટે ખસેડી રહ્યા છે.પ્રેસીડેન્ટ મોરસીના સત્તાકાળ દરમિયાન મોટાભાગના જેલમાં બંધ એવા ગુનેગારોને છોડી મુકવામાં આવ્યા હતા.મીડઈસ્ટ ક્રિશ્ચિયન ન્યુઝને સીડીકના જણાવ્યા પ્રમાણે કોપ્ટીક ક્રિશ્ચિયનો પર કરવામાં આવતા હુમલાઓમાં મોટાભાગના આ જેલમાં છોડી મુકવામાં આવેલા ગુનેગારો છે.સરકારે કોપ્ટીક ખ્રિસ્તીઓને જરુરી રક્ષણ અને સલામતી આપી નથી.પરંતુ તેમણે આ ગુનેગારો પ્રત્યે નરમાશભર્યું વર્તન દાખવ્યું છે.

સેડીકે હાલમાં સરકાર સંભાળી રહેલાઓને જણાવ્યું હતું કે તેઓ બધાજ ઈજીપ્તવાસીઓને રક્ષણ આપે,કોઈપણ વ્યક્તિને તેની ધાર્મિક માન્યતાને કારણે શિકાર બનાવાય નહી તે ઉપર ધ્યાન આપે.વચગાળાની નિમાયેલ સરકાર એ અસામાન્ય સંજોગોને કારણે સત્તા સંભાળી છે.તેથી તેમની ફરજ બને છે કે જે આતંક મચાવનાર પરિબળો છે તેમની સામે સખ્તાઈથી પેશ આવે અને સામાન્ય નાગરિકોનું રક્ષણ કરવામાં આવે.

## ઇજીપ્તમાં પ્રેસિડેન્ટ મુરસીની ધરપકડના વિરોધમાં તેના ટેકેદારોએ દેખાવો યોજ્યા



ઈજીપ્તના પ્રેસીડેન્ટ મુરસીની ધરપકડના વિરોધમાં મુસ્લીમ બ્રધરહુડના સભ્યો અને તેના ટેકેદારોએ શુક્રવારની નમાજ બાદ રબ્બા એદાવીયા સ્કેવર ,કેરો ખાતે એક વિરોધ પ્રદર્શન યોજ્યું હતું.મુરસીની ધરપકડ એટલા માટે કરવામાં આવી છે કે તેમની ઉપર ખુનના આરોપ તેમજ અન્ય ગંભીર અપરાધો કર્યા હોવાનુ મનાય છે તેથી તેની તપાસ ચાલી રહી છે.મુરસીના ધરપકડના વિરોધમાં યોજાયેલ પ્રદર્શનમાં એવા બેનરો લાગેલા હતા કે પીપલ ડુ નોટ એસેપ્ટ કોપ.

ડો.કમીલ સેડીક, સેક્રટરી,કોગ્રીગેશન કાઉન્સીલ,એલેકઝાન્ડ્રીયા,એ ઈસ્લામીક ગ્રુપો દ્વારાકોપ્ટીક ખ્રિસ્તીઓ ઉપર ઈજીપ્તમાં થઈ રહેલા હુમલાઓનો વિરોધ કર્યો હતો.તેમણે કહ્યું હતું કે સરકારી સુત્રો હિંસાને રોકવા અસમર્થ નીવડી છે તેમજ કોપ્ટીક ખ્રિસ્તીઓને રક્ષણ આપી શકી નથી.કોપ્ટ ઉપર જે હુમલા કરવામાં આવી રહ્યા છે તે ગુનાહિત માનસ ધરાવનારા ગુનેગારો છે અને તેમને પ્રેસીડેન્ટ મોરસી દ્વારા જેલમાં છોડી મુકવામાં આવ્યા હતા.જે સમગ્ર ઈજીપ્તમાં હિંસાનો દોર ચલાવી રહ્યા છે.આ ગુનેગારોને નશ્યત કરવા સરકારી તંત્ર નિષ્ફળ નીવડ્યું છે.ધાર્મિક માન્યતાને કારણે કરવામાં આવતા હુમલાઓ રોકવા સત્તાધીશોની ફરજ છે.હાલની સરકાર ટેરરીસ્ટો સાથે કડક હાથે કામ લેવું જોઈએ.




ઈજીપ્તમાં કોપ્ટીક ક્રિશ્ચિયનોની થઈ રહેલ વ્યાપક હિંસા સામે વિરોધ પ્રર્દશન યોજવામાં આવ્યું હતું. પ્રર્દશનકારી તેમનો વિરોધ પ્રદર્શિત કરી રહ્યા છે.

આર્ચ બિશપ,ચર્ચ ઓફ નાઈજીરીયા ઈગ્નીશીયસ કેટ્ટી તેમના પત્ની બીટરાઈસનું ઓગષ્ટ ૮ ના રોજ એલીમ,પોર્ટ હારકોર્ટ ખાતેથી અપહરણ કરવામાં આવ્યું હતું.તેમના પત્નીનો છુટકારો તુરત થયો હતો પરંતુ આર્ચ બિશપને મુક્ત કરાયા નહોતા,એંગ્લીકન કોમ્યુન ઓફીસ તરફથી તેમના છુટકારા બાબતે પુષ્ઠી કરવામાં આવી હતી.આર્ચબિશપ નાઈજર ડેલ્ટા પ્રોવીન્સ ખાતેના છે ત્યાં અપહરણ કરીને ખંડણી લેવાની પ્રથા પડી ગઈ છે.પરંતુ પોલીસ સમાચારો મુજબ તેમને કોઈપણ નાણાંકીય લેવડદેવડ વગર છોડી મુકવામાં



આવ્યા હતા.તેમના અપહરણને નાઈજીરીયા પ્રમુખે પણ વખોડી કાઢ્યું હતું.

**શાલેમ મેરેજ બ્યુરો**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-
શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭
E.mail : Shalemmburo@gmail.com

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી
કે લગ્ન
સબંધી,જાહેરાત
વિશાળ વાચક વર્ગ
સુધી ઝડપથી
પહોચાડવા માટે
અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# લાલ લાઇટ અને સાયરન વગર વટ થોડો પડે !

દરેક રાજકારણીનું એક સપનું હોય છે કે એકવાર લાલ લાઇટવાળી ગાડી મળી જાય તો જીંદગીનો ફેરો વસુલ ! એમાંય જો લાલ લાઇટવાળી ગાડી ખરેખર હાથમાં આવી ગઇ તો પછી પુછવું જ શું ! જેટલો વટ પડે એટલો પાડી લો, ફરી પાછો આવો મોકો મળે પણ ખરો અને ન પણ મળે ! દેશના ઉચ્ચ અધિકારીઓ પણ આવા મોહમાંથી બાકાત નથી.રવિવારે ફરવા નીકળ્યા હોય તો પણ આ મહાનુંભાવો લાલ લાઇટ ફરતી રાખે છે.અને સાયરન સતત ચાલુ રાખે છે.

ઉત્તરપ્રદેશના એક નાગરિકે લાલ લાઇટ અને સાયરનનો બેફામ રીતે દુરપયોગ થાય છે તેવી અરજી સુપ્રીમ કોર્ટમાં કરી હતી.આ અંગેની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટના જસ્ટીસ જી. એસ. સંઘવી અને જસ્ટીસ વી.ગોપાલ ગોવડાની બેંચે કેન્દ્ર સરકારને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે લાલ બત્તી અને સાયરનના દુરપયોગ માટે યોગ્ય પગલાં જરુરી છે.સરકાર આ માટે શું કરવા માંગે છે,એ અંગે પંદર દિવસમાં પ્રત્યુત્તર આપવા પણ કહ્યું છે.સરકાર હવે જે નિયમો છે તેની ઝેરોક્ષ કોપી રજુ કરી દેશે અને નિયમો ના પાલનની ખાત્રી આપશે.હકીકતે જરુરીયાત આવા સીનબાજ લોકોની માનસિકતા બદલવાની છે.માનસિકતા કાયદાથી નથી બદલાતી પણ અનુકરણીય કાર્યો અને યોગ્ય વર્તનથી બદલાય છે.રોડ ઉપર જતા હોઇએ અને લાલ લાઇટ દેખાય કે સાયરન સંભળાય એટલે એકવાર તો એ તરફ ધ્યાન જાય,અને જાય જ.આપણા લોકોમાં હજુ ઘણા એવા છે જે લાલ લાઇટ જોઇને ભડકે છે અથવા તો સાયરન સાંભળીને ગભરાઇ જાય છે.એ લોકો એવા ડરથી ફટાફટ પોતાનું વાહન સાઇડમાં લઇ લે છે.જો કે ઝડપથી હટીશું નહી તો ક્યાંક આપણી માથે ચડી બેસસે.લાઇટ અને સાયરનની બીજી અસર કુતુહલની હોય છે. કોણ નીકળ્યું ? અંદર કોણ બેઠું છે ? કેટલા વાહનોની કોન્વોય છે, વધુ કારનો કાફલો જોઇને તરતજ કહેશે કે કોઇ મોટું માથુ જાય છે.

લાલ લાઇટવાળી ગાડીમાં બેઠેલા લોકોને પણ ઘણી વખત લોકોના રિએકશન જોવાની મજા પડતી હોય છે.અને અંદરખાને એક અહમ પણ સંતોષાતો હોય છે કે જોયું આપણને જોઇને લોકો કેવો રસ્તો આપી દે છે.ટ્રાફિક પોલીસ પણ લાલ લાઇટ જોઇ નથી કે બીજા બધાને જ રોકી દે છે. નંબર પ્લેટ તુટી ગઇ હોય તો પણ વાહનોને રોકતી પોલીસ ક્યારેય એ વિચારતી નથી કે આ વાહન કાયદેસરનું તો છે ને, હવે તો ચાઇનીઝ બનાવટની એવી લાઇટ્સ બજારમાં મળવા લાગી છે કે ગમે તે માણસ લાઇટ ચોંટાડીને નીકળી શકે.

મુંબઇમાં જ એક ઘટના બની હતી, એક માણસને એરપોર્ટ જવાનું મોડું થતું હતું. ફલાઇટ મીસ થાય તેમ હતી.તેણે લાલ લાઇટ કાર ઉપર લગાડી દીધીને ધમધમાટ એરપોર્ટ પર પહોચી ગયો.લાઇટ જોઇને રસ્તો સાફ થઇ જતો હતો.વાહન નીકળી ગયા પછી પણ પોલીસ એ દરકાર કરતી નથી કે અંદર હતું કોણ ?

સીસીટીવી ફુટેજ જુએ તો ખબર પડે ને કે ગાડીના નંબર શું હતા.હવે તો ગમે તે કંપનીની અને ગમે તે રંગની કાર પર લાઇટ્સ જોવા મળે છે.મંત્રીથી માંડીને ઇન્કમટેક્ષ ઓફિસર સુધીના લોકો લાઇટ લગાવીને નીકળી પડે છે.લોકોને ખબર નથી હોતી કે લાલ અને પીળી લાઇટમાં ફેર શું છે.એને તો એટલી ખબર છે કે લાઇટવાળી ગાડીને રસ્તો કરી દેવાનો.

જે લોકો લાઇટ અને સાયરન ચાલુ રાખીને નીકળે છે એને કોઇ પુછતું નથી કે તેને એની ખરેખર જરુર છે.શું સાચેજ એટલી ઇમરજન્સી છે કે લાઇટ અને સાયરન ચાલુ રાખવા પડે.એક પોલીસ ઓફીસરનો દીકરો કોલ્ડ્રીંગ લેવા જતો ત્યારે પણ એના બાપની કારની લાઇટ ચાલુ રાખીને જતો હતો.એક સમય એવો હતો કે રાજકારણીઓ આવા સાધનોનો દુરપયોગ કરતા નહોતા.હવે તો મંત્રી પોતાના વિસ્તારમાં જતા હોય,રસ્તો ખાલી હોય તો પણ લાઇટ ચાલુ.હજુ લોકોની માનસિકતા એવી છે કે તેઓ લાઇટવાળી ગાડી જોઇને ઇમ્પ્રેસ થાય છે.એક રાજકારણી મિત્રને ત્યાં એક માણસ કામ કરે છે એના દિકરાના લગ્નમાં ચોક્કસ આવવા જણાવ્યું.વર્ષોના વિશ્વાસુ માણસને તેમણે ખાત્રી આપી.એ પછી એ વ્યક્તિએ સાહેબને વિનંતી કરતા કહ્યું કે તમે આવો ત્યારે લાલ લાઇટવાળી ગાડીમાં આવજો.મારી નાતમાં મારા વેવાઇ પક્ષમાં અને પડોશમાં મારો વટ પડી જશે.આવી વૃત્તિ પણ રાજકારણીઓને સીન મારવા લલચાવે છે.હવે તો બાવા સાધુઓ પણ લાઇટોવાળી ગાડીમાં ફરવા લાગ્યા છે.સુપ્રીમ કોર્ટ તો કોન્વોયના નિયમોનો અમલ કરાવવા પણ સરકારને અનુરોધ કર્યો છે.સુપ્રીમ કોર્ટની ચિંતા વાજબી છે.રેડલાઇટ,સાયરન અને કોન્વોયના કારણે સામાન્ય માણસને તકલીફ ભોગવવી પડે છે.રાજકારણી કે કોઇ મોટું માથુ નીકળે એટલે રસ્તા બંધ કરી દેવાય છે.દુનિયામાં એવા દેશો છે જ્યાં ઇમરજન્સી હોય તો જ લાઇટ્સનો ઉપયોગ થાય છે.એમ તો એવું પણ કહેવાય છે કે એમ્બુલન્સની લાઇટ અને સાયરન પણ જરુર હોય ત્યારે જ ચાલુ રાખો.દર્દીને ધીમે ધીમે અને આરામથી પહોચાડવાની જરુર હોય ત્યારે ભાગાભાગી કરવાની જરુર નથી.સરકારે ખરેખર તો તપાસતા રહેવાની જરુર છે કે લાલ અને બીજી લાઇટ્સ તથા સાયરનનો વાજબી ઉપયોગ થાય છે કે કેમ.લાઇટ અને સાયરનનું મહત્વ જળવાય તે જરુરી છે.

કૃષ્ણકાંત ઉનડકટ(સૌ. સંદેશ)

# સીરીયા પર લશ્કરી પગલુ પ્રશ્નનો ઉકેલ નથી શાંતિ સ્થાપવા રાજકીય હલ શોધો :ચર્ચ લીડર્સ




સીરીયા, રશિયા,યુનાઇટેંડ સ્ટેટ ઓફ અમેરીકા અને યુરોપના ચર્ચ લીડરોએ જણાવ્યું હતું કે સીરીયાનો પ્રશ્ન હલ કરવા માટે લશ્કરી પગલું હિતાવહ નથી પરંતુ તેનો રાજકીય હલ શોધી કાઢવો જોઈએ.આ આ મારફતે ત્યાં શાંતિ સ્થપાય તે જોવું જોઈએ.તેઓએ વિનંતી કરી હતી કે સીરીયાની સામાન્ય જનતાનો દર્દનાક અવાજ સાંભળો અને ત્યાં ચાલી રહેલ સીવીલ વોરમાં અત્યાર સુધીમાં એકલાખથી વધુ લોકોની હિંસા કરવામાં આવી છે તેમજ બે મીલીયનથી વધુ લોકો તેમના ધરો મુકીને સલામતી માટે દેશ છોડી ગયા છે.

આ ટીપણણી ઈકુમીનેકલ ઈન્સ્ટીટયુટ, જીનીવા,સ્વીઝરલેન્ડ ખાતે મળેલ મીટીંગ બાદ કરવામાં આવી હતી.જેમાં કોફી અનાન,ભુતપુર્વ યુનાઈટેડ નેશન્સના જનરલ સેક્રટરી,લખદાર બ્રાહીમી,યુએન આરબ લીગ,જોઈન્ટ રીપ્રેઝન્ટેટીવ ફોર સીરીયા એકઠા મળ્યા હતા.આ મીટીંગનું આયોજન વર્લ્ડ કાઉન્સીલ ઓફ ચર્ચીસ દ્વારા કરવામાં આવ્યું હતું.જેમાં સીરીયાની હાલની પરિસ્થિતિમાં ચર્ચનો શું રોલ હોઈ શકે તે બાબતે ચર્ચા કરવાનો હતો.રેવ.ડો.ઓલેવ ફાયકેસી ટ્વીટ,ડબલ્યુ સીસી,જનરલ સેક્રટરી,સીરીયામાં એક શાંતિ કરાર કરવા માટે તૈયારી કરી રહ્યા છે.તેમણે જણાવ્યું હતુ કે શાંતિના પ્રયત્નો નિષ્ફળ જવા જોઈએ નહી.જ્યારે હજારો લોકો મૃત્યુના મુખમાં હોમાઈ ગયા છે. ત્યારે શાંતિ અનિવાર્ય બની છે.તેમણે જણાવ્યું હતું કે ઈન્ટરનેશનલ કોમ્યુનીટી તથા બધી પાર્ટીઓ જેઓ સીરીયામાં ચાલી રહેલ લડાઈમાં શાંતિ સ્થપાય માટેની જવાબદારી સ્વીકારવી જોઈએ અને તે માટેના ભરપુર પ્રયત્નો કરવા જોઈએ.અનો ચર્ચોએ આ બધામાં પોતાનો સાથ અને સહકાર પુરો પાડવો જોઈએ.

મીટીગ બાદ જારી કરવામાં આવેલ યાદીમાં જણાવાયું હતું કે ચર્ચોએ તેમનો અવાજ બુલંદ બનાવવો પડશે.તેમના તાબામાં રહેલ તમામ સ્થાનો પર,તેમની સોસાયટીઓમાં, અને તેમની સરકારોમાં સીરીયામાં શાંતિ સ્થપાય માટેના પ્રયત્નોમાં સહકાર મેળવી આપવો પડશે.આપણે જાહેર જનમત કેળવવો પડશે જેથી માનવતાની માવજત કરી શકાય.માનવતાનો હેતુ એ ચર્ચ માટેની આવશ્યકતા છે,ચર્ચનું મિશન છે તેમજ જે લોકો યાતનાઓ ભોગવી રહ્યા છે તેમના માટે લાગણી બતાવવાનો વિષય છે.

તેમણે ઉમેર્યું હતું કે લશ્કરી પગલું સીરીયાની પરિસ્થિતિને ઠાળે પાડવા માટે જરુરી નથી, તેવું અમે માનીએ છીએ.અત્યારે એવો સમય છે કે ઈન્ટરનેશનલ કોમ્યુનીટીએ જવાબદારી સ્વીકારીને હિંસા અટકે તે માટે રાજકીય હલ ઉભો કરવો જોઈએ.અને સીરીયાના લોકો માટે શાંતિ ઉભી થાય તેમ કરવું જોઈએ.મી.અનાને કહ્યું હતું કે સીરીયાના ચર્ચો લશ્કરી પગલાંની વિરુધ્ધ છે.


## લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬





## વિનંતી

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

**ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,**

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



## જાહેર ખબર તથા લવાજમના એજન્ટ

**શ્રી આર.એન.રાજગુરુ**
નગર ગેઈટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

**શ્રી ભુપેન પરમાર,**
આંબેડકરનગર,ઈશ્વરકૃપાનિવાસ
સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩

**શ્રી પિયુષભાઈ એ. પટેલ,**
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.